# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર નીકિતા શાહ વાંચે છે.

****************************************************

1) વિદેશમંત્રી ડો. એસ જયશંકર આજે ચીનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનના વિદેશ મંત્રીઓની બેઠકમાં હાજરી આપશે.

2) ટોરોન્ટોમાં રથયાત્રામાં વિક્ષેપ પાડવાની ઘટનાની કડક શબ્દોમાં ટિકા કરીને જવાબદારો સામે પગલાં ભરવા કેનેડા સરકારને ભારતની અપીલ.

3) અમૃતસરના વિશ્વ વિખ્યાત સુવર્ણ મંદિરને ધમકી ભર્યા ઇ મેલ બાદ સલામતીની લોખંડી વ્યવસ્થા કરાઇ.

4) ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા અને એક્સિઓમ 4 મિશનના અન્ય ત્રણ ક્રૂ સભ્યો આજે બપોર બાદ પૃથ્વી પર પરત ફરશે.

5) રશિયા પાસેથી તેલ, ગેસ અને યુરેનિયમની આયાત કરતા દેશો પર 100 ટકા ટેરિફ લાદવાની ટ્રમ્પની ચીમકી.

6) જાડેજાની લડાયક રમત છતાં પણ લોર્ડ્ઝ ટેસ્ટમાં ભારતનો ઇગ્લેંડ સામે પરાજય.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# JAISHANKAR - SCO

વિદેશ મંત્રી એસ જયશંકર આજે ચીનના તિયાનજિન શહેરમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના વિદેશ મંત્રીઓની બેઠકમાં હાજરી આપશે. ડૉ. જયશંકર ગઈકાલે ચીનની બે દિવસીય મુલાકાતે બેઇજિંગ પહોંચ્યા હતા. વિદેશ મંત્રીઓ વિવિધ ક્ષેત્રોમાં SCO સહયોગ અને મુખ્ય આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે. SCO જૂથમાં 10 સભ્ય દેશોનો સમાવેશ થાય છે - ભારત, ચીન, રશિયા, ઈરાન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, પાકિસ્તાન, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને બેલારુસ. ચીન SCO નું વર્તમાન અધ્યક્ષ છે અને તે જ ક્ષમતામાં જૂથની બેઠકોનું આયોજન કરી રહ્યું છે.ડૉ. જયશંકર SCO વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન દ્વિપક્ષીય બેઠકો પણ કરશે

બેઇજિંગમાં તેમના ચીની સમકક્ષ વાંગ યી સાથેની મુલાકાત દરમિયાન પ્રારંભિક ટિપ્પણી આપતા, ડૉ. જયશંકરે કહ્યું કે ભારત-ચીન સંબંધો ધીમે ધીમે સકારાત્મક દિશામાં આગળ વધી રહ્યા છે. ડૉ. જયશંકરે કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવા માટે ચીની પક્ષના સહયોગની પણ પ્રશંસા કરી.

# MEA - CANADA RATH YATRA

ભારતે ટોરોન્ટોમાં રથયાત્રા દરમિયાન સર્જાયેલી વિક્ષેપની સ્થિતીની સખત શબ્દોમાં ટિકા કરી છે અને આ કૃત્યને ધિક્કારપાત્ર ગણાવ્યું છે. રથયત્રા દરમિયાન તોફાની તત્વોએ વિક્ષેપ પાડ્યો હતો તે મામલે કેનેડાના અધિકારીઓને જવાબદારો સામે કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

આ ઘટના અંગે મીડિયાના પ્રશ્નોના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, આવા કૃત્યો ખેદજનક છે અને તહેવારની ઉજવણીની ભાવનાની વિરુદ્ધ છે, શ્રી જયસ્વાલે જણાવ્યું હતું કે, ભારતે આ કૃત્યના ગુનેગારોને જવાબદાર ઠેરવવા માટે કેનેડાના અધિકારીઓ સમક્ષ આ મુદ્દો ભારપૂર્વક ઉઠાવ્યો છે. તેમણે આશા વ્યક્ત કરી કે, કેનેડાની સરકાર લોકોના ધાર્મિક અધિકારોનું રક્ષણ કરવા માટે જરૂરી પગલાં લેશે.

# PUNJAB - THREATENING MAIL

પંજાબમાં શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ ને ગઈકાલે શ્રી હરમંદિર સાહિબને આર. ડી. એક્સ. વડે ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેલ મળ્યા બાદ અમૃતસરના સુવર્ણ મંદિરમાં અને તેની આસપાસ સુરક્ષા વધારી દેવામાં આવી છે. એસજીપીસીના મુખ્ય સચિવ કુલવંત સિંહ મન્નાને જણાવ્યું હતું કે ધમકીભર્યો મેઇલ મળતાની સાથે જ પોલીસને જાણ કરવામાં આવી હતી અને એસજીપીસીએ પોતે પણ સુરક્ષા વધારી દીધી હતી.

અમૃતસર પોલીસ કમિશનર, ગુરપ્રીત સિંહ ભુલ્લરે માહિતી આપી હતી કે પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને બોમ્બ નિકાલ ટુકડી અને અન્ય સુરક્ષા એજન્સીઓ સાથે સલામતીની ટીમો તપાસ કરી રહી છે. તેમણે કહ્યું કે કેસ નોંધવામાં આવ્યો છે. જો કે, તેમણે કહ્યું કે શરૂઆતમાં એવું લાગે છે કે કોઈએ ગભરાટ ફેલાવવા માટે મેઇલ મોકલ્યો છે. જોકે, ભુલ્લરે લોકોને ચિંતા ન કરવાની અપીલ કરી આ કેસને વહેલામાં વહેલી તકે ઉકેલવાની પણ તેમણે ખાતરી આપી છે.

# OXAIM -4

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા અને એક્સિઓમ -4 મિશનના અન્ય ત્રણ ક્રૂ સભ્યો આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન (ISS) પર 18 દિવસ વિતાવ્યા બાદ આજે પૃથ્વી પર પરત ફરશે. તેઓ ગઈકાલે સ્પેસએક્સ ડ્રેગન પર ભ્રમણકક્ષાની પ્રયોગશાળા આઇએસએસથી પૃથ્વીની લગભગ 22 કલાકની મુસાફરી માટે રવાના થયા હતા. યુ. એસ. માં કેલિફોર્નિયાના દરિયાકાંઠે આજે બપોરે ત્રણ વાગ્યે સ્પ્લેશડાઉન થવાની ધારણા છે. અવકાશયાત્રી શુભાંશુ શુક્લાએ જણાવ્યું હતું કે આજનું નવુ ભારત સૌથી અદભૂત દ્રશ્યમાન થાય છે.

ISS પરના તેમના રોકાણ દરમિયાન, શ્રી શુક્લાએ સાત ભારત-વિશિષ્ટ માઇક્રોગ્રેવિટી પ્રયોગો કર્યા, જે અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ભારતની વધતી જતી ક્ષમતાઓનું પ્રદર્શન કરે છે. આ પ્રયોગો ભવિષ્યના ગ્રહોના મિશન અને લાંબા ગાળાના અવકાશ નિવાસ માટે મહત્વપૂર્ણ ડેટા જનરેટ કરવા માટે કરાયેલા છે. રવિવારે, NASA ના એક્સપિડિશન ક્રૂએ Axiom-4 ક્રૂ માટે પરંપરાગત વિદાય સમારંભનું આયોજન કર્યું. વિદાય સમારંભમાં બોલતા, શ્રી શુક્લાએ તેમની અવકાશ યાત્રાને ખરેખર અવિશ્વસનીય ગણાવી.

**(બાઇટ- શુભાંશુ શુક્લા, અવકાશયાત્રી)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# WEATHER

**હવામાન વિભાગે આજે દેશના ઉત્તરપશ્ચિમ, પૂર્વ અને મધ્ય ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. છત્તીસગઢ, રાજસ્થાન, ઓડિશા, ગંગાના કાંઠાના પશ્ચિમ બંગાળ, ઝારખંડમાં આગામી બે દિવસમાં ભારે વરસાદ પડશે.**

**દરમિયાન હિમાચલ પ્રદેશના મોટાભાગના ભાગોમાં અવિરત વરસાદ વરસી રહ્યો છે. હવામાન કેન્દ્ર શિમલાએ આજે શિમલા, સોલન અને સિરમૌર જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. બિલાસપુર, કાંગડા, કુલ્લુ અને મંડી જિલ્લામાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પ્રસ્તુત છે એક અહેવાલ...**

**(વોઇસ કાસ્ટ – રિતેષ કપૂર)**

# TRUMP TERIEF

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાથી તેલ, ગેસ અને યુરેનિયમની આયાત કરતા દેશો પર વધારાની 100 ટકા ટેરિફ લાદવાની ચીમકી આપી છે અને કહ્યું છે કે તેઓ યુક્રેન સાથેના યુદ્ધનો અંત લાવવામાં મોસ્કોના હઠાગ્રહી વલણથી ખૂબ જ નાખુશ છે. વ્હાઇટ હાઉસ ખાતે નાટોના સેક્રેટરી-જનરલ માર્ક રુટ્ટે સાથે પત્રકારો સાથે વાત કરતા રશિયા યુક્રેન સાથે શાંતિ સમજૂતી નહીં કરે તો શિક્ષાત્મક ટેરિફ લાગુ કરવા માટે ટ્રમ્પે 50 દિવસની સમયમર્યાદા આપી છે.

ટેરિફ રશિયા સામે નિર્દેશિત છે, પરંતુ જો આ આદેશ અમલમાં આવશે તો ભારત વોશિંગ્ટન-મોસ્કો વચ્ચેના ગજગ્રાહનો શિકાર બનશે. રશિયા પાસેથી ઊર્જા ઉત્પાદનો ખરીદતા દેશો પર 500 ટકા ટેરિફ લાદવાના બિલને ટ્રમ્પે સમર્થન આપ્યું હતું.

# LORD'S TEST

લોર્ડસ ખાતેની ત્રીજી ટેસ્ટ મેચમાં રવિન્દ્ર જાડેજાની લડાયક રમત છતાં ભારતનો ઇગ્લેંડ સામે 22 રને પરાજય થયો હતો. યજમાન ટીમ દ્વારા નિર્ધારિત 193 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારત 170 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. રવિન્દ્ર જાડેજાએ અણનમ 61 રન બનાવ્યા હતા. ઇંગ્લેન્ડ તરફથી જોફ્રા આર્ચર અને બેન સ્ટોક્સે 3-3 વિકેટ ઝડપી હતી.

અગાઉ, યજમાન ઇંગ્લેન્ડ 192 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું, વોશિંગ્ટન સુંદરે ચાર વિકેટ ઝડપી હતી, જ્યારે મોહમ્મદ સિરાજ અને જસપ્રિત બુમરાહે 2-2 વિકેટ ઝડપી હતી. અગાઉ પ્રથમ દાવમાં, ભારત 387 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું, જેણે ઇંગ્લેન્ડના પ્રથમ દાવના કુલ 387 રનની બરાબરી કરી હતી. બેન સ્ટોક્સને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ઇંગ્લેન્ડ હવે પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં 2-1થી સરસાઇ ભોગવી રહી છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મયુર સોલંકી

- ભારત અને ચીનના સંબંધો અંગેના સમાચારોને આજના અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે. સંદેશે વિદેશ મંત્રી ડૉ.એસ.જયશંકરના નિવેદનને ટાંકીને લખ્યું છે કે ભારત અને ચીને LAC પર તંગદિલી ઘટાડવા પ્રયાસ કરવા જોઈએ.
- નવગુજરાત સમય લખે છે કે ભારત-ચીનના મતભેદો ઘર્ષણમાં તબદીલ ના થવા જોઈએ
- આ સિવાય અભિવ્યક્તિની સ્વતંત્રતા અંગેના સમાચાર પણ વિવિધ અખબારોમાં પ્રથમ પાને જોવા મળી રહ્યા છે. સંદેશે સુપ્રિમ કોર્ટના નિવેદનને ટાંકતા લખ્યું , નાગરિકો વાણી સ્વતંત્રતાનું મૂલ્ય સમજે.
- જયારે ગુજરાત સમાચાર લખે છે સોશિયલ મીડિયા પર બેફામ વાણી વિલાસ પર સ્વ નિયંત્રણ મુકાવું જરૂરી
- દિવ્ય ભાસ્કરે અવકાશયાત્રી શુભાંશુ શુકલાના સમાચારને હેડ લાઈન બનાવતા લખ્યું કે, શુભઆગમન.. શુભાંશુ 18 દિવસ પછી અંતરિક્ષથી રવાના, આજે બપોરે 3 વાગ્યે ધરતી પર ઉતરશે.
- બોઇંગ વિમાનની તપાસના સમાચારને અંગેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસ અને દિવ્ય ભાસ્કરે હેડલાઈન બનાવ્યા છે. દિવ્ય ભાસ્કર લખે છે, 7 દિવસમાં તમામ બોઇંગ વિમાનની ફ્યુઅલ સ્વિચની તપાસના આદેશ.
- સ્થાનિક સમાચારોમાં ગુજરાત સમાચારે સોનાની દાણચોરીના સમાચાર અંગે છેલ્લા પાને લખ્યું, દુબઇથી મોજામાં રૂપિયા 1.81 કરોડનું સોનું છૂપાવીને લાવતા ત્રણ ઝડપાયા
- મેટ્રો સ્ટેશનો પર ઘર અને દુકાનો બનાવવાના સમાચાર અંગે દિવ્ય ભાસ્કરે લખ્યું, દેશમાં સૌપ્રથમ સુરતમાં પ્રયોગ, મેટ્રો સ્ટેશન પર ફ્લેટ-દુકાનો બનશે, બે સ્ટેશન પર 7 માળના 2 ટાવર તૈયાર થશે.
- ક્રિકેટમાં ઇંગ્લેન્ડ સામે ભારતના પરાજયને તમામ અખબારોએ સ્પોર્ટસ પેજ પર તસવીર સાથે છાપ્યાં છે.